જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૧૧/૨૦૧૮ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૦૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૨૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૦૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૦૫/૧૮

**સોલા હાઇકોર્ટઃ** હિમાંશુભાઇ સુર્યકાંતભાઇ પંચાલ (રહે.રૂપાલ એપાર્ટમેન્ટ, રાધાસ્વામી રોડ રાણીપ) એ તા.૨૫/૧૧/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૭/૧૮ થી તા.૧૯/૦૭/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન સોલા સાયન્સ સીટી રોડ હિર પાર્ટી પ્લોટ ખાતે આરોપી (૧) સચિન અશોકભાઇ પટેલ (રહે. હરિવિલા ફ્લેટ કારગિલ પેટ્રોલપંપ સામે સોલા) અને (૨) પંકજ નરસિંહભાઇ પટેલ (રહે.સાયોના સીટી વિભાગ-૪ આર.સી ટેકનીકલ રોડ) એ ભેગા મળી હિમાંશુભાઇની કાર કિમત રૂપિયા ૨,૦૫,૦૦૦/- વેચાણ લઇ જઈ નાણા નહી ચુકવી, કાર અન્ય કોઇને વેચાણ આપી, હિમાંશુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

### નજર ચુકવી ચોરી :- સમાચાર યાદી નં.૨૩૦૬/૧૮

**ઘાટલોડીયાઃ** ધર્મિષ્ઠાબહેન તખતસિંહ સોનગરા (ઉ.વ.૫૮)(રહે."ડી" ટાઇપ વસ્ત્રાપુર સરકારી વસાહત ગુરુકુળ રોડ) તા.૨૪/૧૧/૧૮ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે વિશ્રામનગરથી સુભાષચોક સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષામાં સાથે બેસેલ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) અજાણ્યા પુરૂષે ધર્મિષ્ઠાબહેનની નજર ચુકવી હાથમાં પહેરેલ સોનાની બંગડી કિમત રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ ધર્મિષ્ઠાબહેન સોનગરાએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ કુલસિંહ ચલાવે છે.

**રામોલઃ** કેયુરભાઇ સ/ઓ મનોજભાઇ પંચાલ (ઉ.વ.૧૯)(રહે.પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટ કર્ણાવતી રોડ એકસપ્રેસ હાઇવે સીટીએમ રામોલ) તા.૦૮/૧૧/૧૮ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે રામોલ સી.ટી.એમ. નજીક આવેલ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ ખાતે અજાણી વ્યક્તિએ કેયુરભાઇની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ કેયુરભાઇ પંચાલે તા.૨૫/૧૧/૧૮ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.